સન્યાસીના ખાનગી સંસાર કરતાં સંસારીનો ખાનગી સન્યાસ વધારે મૂલ્યવાન છે
- ઓશો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૯ | ૩૧ ઓગસ્ટ, ૨૦૧૪, રવિવાર; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પંચાયતની પાંચ સમિતિઓમાં કમળ ખીલ્યુ

## ખેતીવાડી અને મહિલા બાળ વિકાસ સમિતિની સત્તાઓ બહુમતિથી પાછી ખેંચાઈ : ૩ સભ્યોના રાજીનામા મંજૂર થયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગીના બળવાખોર સભ્યોની મદદથી સત્તા સુધી પહોંચેલા ભારતીય જનતા પક્ષે આજે પંચાયતની પાંચ સમિતિમાં સભ્યોને સ્થાન અપાવી કમળની કુંપળો પ્રસરાવી છે તેમજ બે સમિતિની સત્તાઓ પણ બહુમતિથી પરત લેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે શ્રીમતી હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓમાં ખાલી પડેલી જગ્યાઓ પર નિમણુંક આપતો પ્રસ્તાવ પસાર કરાયો હતો. આ બેઠકમાં ત્રણ સભ્યોએ સમિતિમાંથી આપેલા રાજીનામાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કમલ ૧૪૫ (૧) મુજબ જિલ્લા પંચાયતની પાંચ સમિતિઓમાં સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ, ઉત્પાદન અને સહકાર, આરોગ્ય સમિતિ, મહિલા અને બાળ વિકાસ તેમજ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં નિમણુંકો કરવામાં આવી છે. ભાજપના ૧૦ સભ્યોએ આજે સમિતિમાં સ્થાન મેળવ્યું છે.

શિક્ષણ સમિતિમાં ગુણવંતસિંહ ચાવડા અને શ્રી રમણભાઈ વાઘેલા, ઉત્પાન-સહકાર સમિતિમાં શ્રીમતી ભીખીબેન ઠાકોર અને શ્રી જયેશ પટેલ, આરોગ્ય સમિતિમાં ગુણવંતસિંહ ચાવડા અને નવિનભાઈ પટેલ મહિલા અને બાળવિકાસ સમિતિમાં ડાહીબેન ઠાકોર અને મહોતજી ઠાકોર જયારે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં અમરસિંહ ચૌહાણ તથા મહોતજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલ આ કામની દરખાસ્ત સદેસિંહ ઝાલાએ રજુ કરી હતી અને શકુંતલાબેન પટેલે તેનું સમર્થન કર્યું હતું.

આજની આ બેઠકમાં શિક્ષણ સમિતિમાંથી રાજીનામું આપનાર શારદાબેન મકવાણા, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાંથી શ્રી સદેસિંહ ઝાલા અને શ્રી અરવિંદસિંહ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

વરસાદનો વધુ એક રાઉન્ડ - શુક્રવારની રાતથી મેઘરાજાની પુનઃ સવારી આવી પહોંચી... શુક્રવારની રાતે અને શનિવારની સવારથી ત્રણ-ચાર ભારે ઝાપટા વરસતા નગરના નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. આગાહી તો એવી છે કે એક અઠવાડિયા સુધી વરસાદની હેલી રહેશે... પર્વો - પ્રસંગોમાં પણ અચાનક વરસાદના રાઉન્ડથી હાલાકી સર્જાઈ છે... ગાંધીનગરના ખુલ્લા મેદાનોમાં ભરાતા પાણી તળાવનું દશ્ય ઉભું કરે છે...

# શહેર-જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો ખુશખુશ

## વધુ એક ઈંચ વરસાદ : મચ્છરોની ઉત્પતિ માટે સાનુકૂળ વાતાવરણ થતાં આરોગ્યતંત્રની ચિંતામાં વધારો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે મોડી રાતથી થયેલા સાર્વત્રિક વરસાદને કારણે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૨૭ મી.મી. વરસાદ પડતાં મોસમનો કુલ વરસાદ ૪૨૮ મી.મી. નોંધાયો છે.

ગઈકાલ રાતથી શરૂ થયેલા વરસાદના હળવાથી ભારે ઝાપટાઓને લઈ વાતાવરણમાં પણ બદલાવ જોવા મળ્યો હતો. ગઈકાલે રાત્રે લગભગ બધા તાલુકાઓમાં હળવો વરસાદ થયો હતો. જો કે સવારથી જ વરસાદના ભારે ઝાપટા નોંધાયા હતા.

વરસાદના આ હળવા-ભારે ઝાપટાંને પગલે જિલ્લામાં સરેરાશ અર્ધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં થયેલા વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. પરંતુ જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ પાણી ઉતરી જવા પામ્યા હતા.

આજે આખો દિવસ ભેજનું પ્રમાણ પણ વાતાવરણમાં સારૂ એવું નોંધાયું હતું. જો કે સમયસરના વરસાદી ઝાપટાથી ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે. ખેડૂતોએ આ વરસાદનો સમયસરનો લેખાવ્યો છે.

વરસાદી ઝાપટા અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ જણાતાં આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આ વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ ગણવામાં આવતુ હોય છે.

જિલ્લામાં આજે મોડી સાંજે વરસાદ પુનઃ ત્રાટકયો હતો. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પણ જોવા મળી હતી.

## રાજ્યના ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘ મહેર થઈ છે. જેમાં રાજ્યના ૭૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. આ સાથે ચાલુ મોસમનો રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૬૨.૬૪ ટકા જેટલો નોંધાયો હોવાના અહેવાલો છે.

રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૩૦-૮-૨૦૧૪ ને સવારે ૭.૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં ૮૬ મી.મી., અને નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં ૭૮ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે ધંધુકા તાલુકામાં ૭૦ મી.મી., ખેડામાં ૫૧ મી.મી., શિહોરમાં ૫૨ મી.મી., વ્યારામાં ૬૩ મી.મી., ઉમરપાડામાં ૬૦ મી.મી., જલાલપોરમાં ૬૬ મી.મી., અને મોરવા હડફમાં ૫૧ મી.મી. મળી કુલ સાત તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત સોજીત્રા, પાદરા, સાવલી, શહેરા, દાહોદ, ફતેપુરા, ગરબાડા, જામકંડોરણા, માળીયા, ગીર-ગઢડા, ધારી, લાઠી, ઘોઘા, ઉમરાળા, બરવાળા, અંકલેશ્વર, ભરૂચ, હાંસોટ, વાલીયા, વાલોડ, બારડોલી, ચોર્યાસી, મહુવા, માંડવી, માગંરોળ, પલસાણા, ચીખલી, ગણદેવી, કપરાડા, પારડી, વલસાડ, વાપી, ડાંગ અને સુમિર મળી કુલ ૩૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૩૫ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

## NEWS બિટ્સ

### સિનિયર સીટીઝનને મહિને રૂ. ૫૦૦૦ની પેન્શન યોજના

દેશમાં જનધન યોજના શરૂ કર્યા બાદ હવે સિનિયર સીટીઝન માટે સરકાર એક નવી યોજના લાવી રહી છે. જેમાં સિનિયર સીટીઝન સરકારે નિશ્ચિત કરેલી બેંકમાં એક વખત રૂ. ૬.૫૦ લાખ જમા કરાવે પછી તેને જીવનભર દર મહિને રૂ. ૫૦૦૦નું પેન્શન મળતું રહેશે. આ યોજનાની જાહેરાત ટુંક સમયમાં જ થશે જેની રૂપરેખા તૈયાર કરાઈ રહી છે.

### કોલસાને કારણે ગુજરાતનાં ૨૫ ટકા પાવર પ્લાન્ટો બંધ

દેશમાં કોલસાની અછતની અસર હવે ગુજરાતનાં પાવર પ્લાન્ટો પર પણ થવા લાગી છે. ગુજરાતમાં તેની કુલ ઉત્પાદન ક્ષમતામાંથી ૨૫ ટકા પ્લાન્ટો કોલસાના અભાવે બંધ પડયાં છે. કુલ ૭૫૬૩ મેગાવોટ પાવરનું ઉત્પાદન અત્યારે કોલસાની અછત, ટેકનિકલ કારણ અને નાણાકીય ઈશ્યુને કારણે બંધ પડયાં છે. દેશમાં વેસ્ટર્ન રિજિયોનલ લોડ ડિસપેચ સેન્ટરમાંથી કુલ ૨૦,૨૪૫ મેગાવોટ વીજળી બંધ પડી છે જેમાં ગુજરાતનો હિસ્સો ૭૬૦૦ મેગાવોટનો છે.

### મોદી જોધપુરી સુટમાં જાપાન પહોંચ્યા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાન પહોંચી ગયા છે. તેમનું પ્લેન જાપાનના ઓસાકા ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ભારતીય સમયાનુસાર અંદાજે દોઢ વાગતા લેન્ડ થયું હતું.

પ્લેન લેન્ડીંગના લગભગ ૧૫ થી ૨૦ મિનિટ બાદ નરેન્દ્ર મોદીએ કાળા રંગના જોધપુરી સુટમાં જાપાનમાં આગમન કર્યું હતું. મોદીના આગમન સમયે એરપોર્ટ ખાતે મોટી સંખ્યામાં જાપાનીઝ મીડીયા પણ ઉપસ્થિત રહ્યું હતું.

### શિક્ષક દિને મોદી દેશભરના બાળકો સાથે વાર્તાલાપ કરશે

પાંચમી સપ્ટેમ્બર એટલે કે શિક્ષક દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરના બાળકો સાથે લાઈવ રહેશે. તેઓ દિલ્હીના ૧૦૦૦ જેટલા શાળાના બાળકો સાથે ૪૫ મીનીટ પસાર કરશે. જેનું ટીવી, રેડીયો અને નેટ ઉપર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. દેશની તમામ સરકારી અને ખાનગી શાળાઓ આ કાર્યક્રમને નિહાળી શકશે અને સાંભળી પણ શકશે.

કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રાલયે આ કાર્યક્રમની જોરશોરથી તૈયારી શરુ કરી દીધી છે.

### દિલ્હીમાં સરકાર રચવા ભાજપની તૈયારી

પાટનગર દિલ્હીમાં નવી ચૂંટણીનું 'સાહસ' ન કરતા ભાજપવે હવે પક્ષાંતર ધારાનો ભંગ ન થાય અને છતા વિધાનસભામાં પક્ષને બહુમતી મળી રહે તે માટે 'શોર્ટકટ' શોધી કાઢયો છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ આ માટે દિલ્હીના લેફ્ટ. ગવર્નર તેમની ખાસ સત્તાનો ઉપયોગ કરી વિધાનસભા સત્ર બોલાવીને તેઓ ધારાસભ્યોને તેમના નેતા ચૂંટી કાઢવા જણાવશે અને આ માટે ગુપ્ત મતદાનની પદ્ધતિથી ધારાસભ્યો તેના નેતા નકકી કરે તેમાં 'આપ' અને 'કોંગ્રેસ'ના ધારાસભ્યો ભાજપના દાવેદારને ટેકો આપે તો પણ તે ખુલ્લુ થશે નહી અને તેઓ પક્ષાંતર વિરોધી ધારાની જોગવાઈથી બચી જશે.


ગુજરાત સરકારમાં ભરતી!

7500 - કોન્સ્ટેબલ / 876 - ASI

ફોર્મ ભરવાની છેલ્લી તા. 18-10-2014 થી 12-11-2014

PSI: ₹ 18,000/- (M), ₹ 16,000/- (F)

કોન્સ્ટેબલ/ASI: ₹ 14,000/- (M), ₹ 11,000/- (F)

નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શિક્ષણ (5 માસનો અભ્યાસ ક્રમ)

મહેસાણા શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| PSI | 11.09.2014 | બપોરના 4-00 થી 6-00 | સોમ થી મંગળ |
| કોન્સ્ટેબલ/ASI | 15.09.2014 | બપોરના 2-15 થી 3-45 | સોમ થી મંગળ |

ગાંધીનગર શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| કોન્સ્ટેબલ/ASI | 13.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ/રવિ |
| કોન્સ્ટેબલ/ASI | 24.09.2014 | બપોરના 2-30 થી 4-00 | સોમ થી શુક્ર |
| PSI | 12.09.2014 | સવારના 6-00 થી 8-00 | સોમ થી શુક્ર |
| PSI | 21.09.2014 | બપોરના 4-15 થી 6-15 | સોમ થી શુક્ર |

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પાર્શ્વનાથ પેવર્સ

ટાઈલ્સ ઈન્ડિયા





E-Mail : tilesindia52@gmail.com website : www.parshwanathpavers.com

જોઈએ છે

LED TV, LCD TV, Colour TV

જુના બંધ હાલતમાં

સંપર્ક : શૈલેષભાઈ

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

હવે મેળવો

11.36% દ.વ.*

૬૦ મહિના મુદતની

ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર

આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*

ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!*





ડીસીબી બૅન્ક

સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર

કૉલ કરો: 9825647075 / 9879204002 / 65730141

DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)

DCB BANK